# <u>મહે.ઝાલોદના એડી.ચીફ જ્યુડી મેજી.જજ સાહેબશ્રીની કોર્ટમાં,મુ.ઝાલોદ.</u>

ક્રિ.કેસ નં. ૪૪૩૩/૨૦૨૫
આંક –

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– ૧) રીંકુભાઇ કાન્તુભાઇ બારીયા
૨) કિરીટભાઇ ઇશ્વરભાઇ ભોઇ
૩) રીંકુભાઇ મણીલાલ ભેદી
૪) અનિલભાઇ ચંપાભાઇ બારીયા
૫) એતરાજભાઇ શુક્રમભાઇ ભોઇ
તમામ રહે. કુંડલા, નાળ ફળિયુ, તા.ફતેપુરા જી.દાહોદ
૬) અનિલભાઇ ભાવસીંગભાઇ ડામોર
રહે. જેતપુર, પટેલ ફળિયું, તા. ઝાલોદ જી. દાહોદ

**ગુન્હો :– <u>જુગાર ધારા એકટની કલમ ૧૨ મુજબનો</u>**

**<u>// જજમેન્ટ //</u>**

- સદર કામે ફરીયાદ પક્ષની ટુંકમા હકીકત એવી છે કે આરોપીઓ જાહેરમા પૈસા પાના વતી જુગાર રમી રમાડી મુદામાલ સાથે પકડાઈ જઈ જુગાર ધારાની કલમ ૧૨ મુજબ ગુનો કર્યાનુ ચાર્જશીટ અત્રેની કોર્ટમા રજુ થયેલ છે. આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થિત તથા આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપી. આરોપીઓની પ્લી નોંધતા આરોપી/આરોપીઓ એ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે અને ગુના કબુલાત પુરસીસ આપેલ છે. તેઓને ગુનો કબુલ મંજુર છે અને રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ વર્ગના કુટુંબ કબીલાવાળા માણસ હોય મજુરી કામ કરી માંડ માંડ કુંટુંબનુ ભરણપોષણ કરે છે. જેથી દયા રાખી યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

- આ કામના આરોપીઓને ગુનાની શિક્ષાની સમજ આપવામા આવેલ તેમ છતા ગુનો સ્વેચ્છાએ કબુલ મંજુર હોય ગુના કબુલાત પુરસીસ તથા અન્ય રજુઆતો ધ્યાને લેતા આરોપીઓને સદર ગુના બદલ તકસીરવાન ઠરાવવામા આવે છે. વધુમા આરોપીઓનો પ્રથમ ગુનો હોવાનુ જણાવતા હોય આરોપીઓ કુટુંબના આધાર હોય, જો લાંબા સમય સુધીની કેદની સજા કરવામા આવે તો કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉભો થાય જેથી આરોપીએ ગુના સબબ પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો નહી બને તેમ જણાવતો હોય તેથી કેસના સંજોગો ગુનાનો પ્રકાર અને કરવામા આવેલી રજુઆતો ધ્યાને લેતા તેમજ ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચંન્દ્ર ઠાકોરના કેસમા પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો ધ્યાને લેતા આરોપીને કાયદામા દર્શાવેલી સજા કરતા ઓછી સજા કરવામા આવે તો ન્યાયનો હેતુ સર્યો ગણાય. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**<u>–// હુ ક મ //–</u>**

- આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ મુજબ જુગાર ધારા કલમ–૧૨ મુજબના ગુનામા દોષિત ઠરાવી દરેક આરોપીને રૂા.૧૦૦/– અંકે રૂપિયા એકસો પુરા (કુલ આરોપીઓ ના રૂા.૧ ૦૦/– લેખે કુલ રૂા.૬૦૦/– (અંકે રૂપિયા છસો પુરા) નો દંડનો હુકમ કરવામા આવે છે અને જો આરોપીઓ દંડ ના ભરે તો દરેક આરોપીને દીન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામા આવે છે.
- સદર કામે કબ્જે કરેલ મુદામાલ ગંજીપતાનો અપીલ સમય બાદ નાશ કરવાનો તેમજ સદર કામે મુદામાલ પાવતીમા જણાવેલ રોકડ રકમ સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–૧૪મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : ઝાલોદ.

**( એસ.એ.ટેલર )**
એડી.ચીફ જ્યુડી. મેજી.,
ઝાલોદ.